# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/11/2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રિધ્ધિ ઉંધાડ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના અંતર્ગત 21-મા હપ્તા હેઠળ રાજ્યના 49 લાખથી વધુ ખેડૂત પરિવારને 986 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાશે.**
2. **ગુજરાત સા ઈબર સેન્ટર ઑફ એક્સલન્સે ધ ઘોસ્ટ ' ના નામથી આંતરરાષ્ટ્રીય 'સાઈબર સ્લેવરી ' રેકેટ ચલાવનાર મુખ્ય સૂત્રધારની ધરપકડ કરી.**
3. **રાજ્યની ખાસ મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત અત્યાર સુધી 99.6 ટકા મતદારોને ફોર્મ મળ્યાં.**
4. **સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે રાજ્યની અલગ અલગ વિધાનસભા બેઠકો પર પદયાત્રા યોજાઈ.**
5. **રણજી ટ્રોફીમાં ગુજરાતે જીત માટે ઉત્તરાખંડને 344 રનનો ટાર્ગેટ આપ્યો.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM KISAN NIDHI EMI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તમિલનાડુના કોઇમ્બતુરથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાનો 21મો હપ્તો જાહેર કરશે. આ પ્રસંગે શ્રી મોદી દેશભરના ખેડૂતોને સંબોધશે.

કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાનો કાર્યક્રમ યોજાશે. યોજનાના 21-મા હપ્તા હેઠળ રાજ્યના 49 લાખ 31 હજારથી વધુ ખેડૂત પરિવારને 986 કરોડ રૂપિયાથી વધુની સહાય ચૂકવાશે.

કાર્યક્રમમાં કૃષિ અને બાગાયતની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય અને મંજૂરીપત્રોનું મુખ્યમંત્રીના હસ્તે વિતરણ કરાશે.

---

# CYVER SLAVARY SCAM

સાયબર સેન્ટર ફોર એક્સેલન્સે મ્યાનમારના KK પાર્ક અને કમ્બોડિયા ખાતે ચાઇનીઝ સાઈબર માફિયા દ્વારા સંચાલિત 'સાયબર સ્કેમ સેન્ટરો માટે ભારતીય યુવાનોને સપ્લાય કરતા મુખ્ય સૂત્રધાર-એજન્ટ નીલેશ પુરોહિત ઉર્ફે નીલને ઝડપી પાડ્યો છે.

સાઈબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા 'ઘોસ્ટ') તરીકે કામ કરતા અને મલેશિયા ભાગી જવાની ફિરાકમાં રહેલા નીલ પુરોહિતને ગાંધીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો. તેના બે મુખ્ય સાથીદાર સબ-એજન્ટ હિતેશ સોમૈયા અને સોનલ ફળદુની પણ ધરપકડ કરવામાં આવી હતી. નીલ પુરોહિતના 14 દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

આ રેકેટના વધુ બે આરોપીઓ ભાવદીપ જાડેજા અને હરદીપ જાડેજાની પણ ધરપકડ કરવામાં આવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે નિલેશ પુરોહિત આંતરરાષ્ટ્રીય સાઈબર-સ્લેવરી નેટવર્ક ચલાવતો હતો. તે 126 થી વધુ સબ-એજન્ટોનું સંચાલન કરતો હતો.

આરોપી 30 થી વધુ પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં હતો અને 100 થી વધુ ચાઈનીઝ તથા વિદેશી કંપનીઓના HR નેટવર્ક સાથે સીધો કનેક્શન ધરાવતો હતો, જે સાયબર-ફ્રોડ સ્કેમ કેમ્પમાં માણસો સપ્લાય કરતા હતા.

આરોપી અન્ય ૧૦૦૦થી વધારે નાગરિકોને સાયબર સ્લેવરી માટે ઉપરોક્ત દેશોમાં મોકલવા માટે ડીલ કરી ચૂક્યો છે. આ આરોપી દુબઈ, લાઓસ, થાઈલેન્ડ, મ્યાનમાર તથા ઇરાનનો પ્રવાસ કર્યો હોવાનું પણ તપાસમાં બહાર આવ્યું છે.

---

## SURAT GANJO

સુરત ઇન્ટરનેશનલ એરપોર્ટ પરથી 4 કિલો ગાંજાના જથ્થા સાથે એક મુસાફરને સુરત ક્રાઇમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. બેંગકોકથી સુરતની એર ઇન્ડિયાની ફ્લાઇટમાં મુસાફર ગાંજાનો જથ્થો લઈને આવ્યો હતો.

મુસાફરના માલ સામાનની તપાસ કરતા કુલ એક કરોડ 41 લાખનો ગાંજાનો જથ્થો મળી આવ્યો હોવાનું સુરતના પોલીસ કમિશ્નર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યુ હતું.

**બાઇટ- અનુપમસિંહ ગેહલોત, પોલીસ કમિશ્નર, સુરત**

---

## SIR CEO

ભારતીય ચૂંટણી પંચે જાહેર કર્યા મુજબ ગુજરાતમાં ખાસ મતદાર સુધારણા કાર્યક્રમ અંતર્ગત તમામ B.L.O. રાજ્યમાં 4 ડિસેમ્બર સુધી મતદારોને મળી ફોર્મ આપશે. અત્યાર સુધી 99.6 ટકા મતદારોને ફોર્મ મળી ગયા હોવાનું રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી હરિત શુક્લએ જણાવ્યુ હતું.

**બાઇટ- હરિત શુક્ત, મુખ્ય ચૂંટણી અધિકારી, ચૂંટણી પંચ**

---

## UNITY MARCH

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતી નિમિત્તે રાજ્યના તમામ વિધાનસભા મતવિસ્તારમાં પદયાત્રા યોજાઈ રહી છે.

પંચમહાલના ગોધરામાં ભવ્ય પદયાત્રાનું આયોજન કરાયું. આ પદયાત્રામાં રાજ્યસભા સાંસદ ડૉ. જસવંતસિંહ પરમાર, ધારાસભ્ય સી.કે. રાઉલજી સહિત મોટી સંખ્યામાં પદાધિકારીઓ અને નગરજનો જોડાયા હતા. પદયાત્રા દરમિયાન નગરજનોએ સ્વદેશી અને નશામુક્તિની પ્રતિજ્ઞા લીધી હતી.

રાજકોટના ગોંડલમાં ધારાસભ્ય ગીતાબા જાડેજાના અધ્યક્ષસ્થાને ગુંદાળા ગામથી પાટીદડ ગામ વચ્ચે આયોજિત એકતા રેલીમાં સરદાર પટેલ એકતા રથને સૌ મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ સાથે જ રાજકોટ (પૂર્વ) વિધાનસભા મતવિસ્તારમાં પણ એકતા પદયાત્રા યોજાઈ હતી. જેમાં સરદાર પટેલના વિચારોને જન જન સુધી પહોંચાડવાનું આહ્વાન કરાયું હતું.

પાટણના રાધનપુર વિધાનસભા વિસ્તારમાં પદયાત્રીઓએ "એક ભારત, શ્રેષ્ઠ ભારત, આત્મનિર્ભર ભારત" અને રાષ્ટ્રીય એકતાના સૂત્રોચ્ચાર સાથે અલ્હાબાદ ગામથી નવા પોરણા, જુના પોરાણા, નંદીગૌશાળાથી રાધનપુર નગરપાલિકા ખાતે પદયાત્રા કરી હતી. તેમજ નંદી ગૌશાળા પાસે મહાનુભવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

---

## GANDHINGAR PADYATRA

સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતી નિમિત્તે ગાંધીનગર જિલ્લામાં પાંચ કાર્યક્રમો યોજાશે. પદયાત્રાનો પ્રારંભ કલોલથી થશે અને ત્યારબાદ દક્ષિણ ગાંધીનગરથી બીજી પદયાત્રા યોજશે.

દહેગામ માણસા અને ગાંધીનગર ઉત્તરમાં પણ પદયાત્રા યોજશે. જિલ્લા વહીવટી તંત્ર અને મનપા દ્વારા સંયુક્ત આયોજન થયું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહેશે

## બાઈટ - મેહુલ કે.દવે, જિલ્લા કલેકટર

---

## SWAGAT ONLINE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં દર મહિને યોજવામાં આવતો રાજ્ય સ્વાગત ઓનલાઇન જનફરિયાદ નિવારણ કાર્યક્રમ અંતર્ગત નવેમ્બર મહિનાનો રાજ્ય સ્વાગત કાર્યક્રમ આવતીકાલે યોજાશે.

નાગરિકો સ્વાગત કાર્યક્રમ માટેની રજૂઆતો 20 નવેમ્બર, ગુરુવાર ના રોજ સવારે 8-30 થી 11-30 દરમિયાન મુખ્યમંત્રીના જનસંપર્ક એકમ, સ્વર્ણિમ સંકુલ-2, ગાંધીનગર ખાતે રૂબરૂ આવીને કરી શકશે.

---

## WEATHER UPDATE

રાજ્યમાં આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. રાજ્યના મોટા ભાગના શહેરોમાં રાત્રે અને વહેલી સવારના તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતાં ઠંડી વધી છે.

હાલમાં 10.5 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન સાથે કચ્છનું નલિયા રાજ્યનું સૌથી ઠંડું શહેર રહ્યું છે.

---

## RANJI TROPHY

રણજી ટ્રોફીમાં આર્ય દેસાઈ, જયમિત પટેલ અને ઉર્વિલ પટેલની અડધી સદી વડે ગુજરાતે ગ્રુપ-સીની મેચમાં પોતાનો બીજો દાવ પાંચ વિકેટે 291 રનના સ્કોરે ડિકલેર કરીને ઉત્તરાખંડને 344 રનનો ટાર્ગેટ આપ્યો હતો. આ સાથે જ વિદર્ભે આપેલા 276ના ટાર્ગેટ સામે બરોડાએ 73 રનમાં 5 વિકેટ ગુમાવી છે.

બરોડાને હજુ 203 રનની જરૂર છે અને તેની પાસે હજુ પાંચ વકેટ છે. તો ગોવાને ફોલોઓન કરીને સૌરાષ્ટ્રે જીત માટે પોતાનો દાવો મજબૂત કર્યો છે.

સૌરાષ્ટ્રની ટીમે પ્રથમ દાવમાં 7 વિકેટે 585 રન બનાવ્યા હતા. અને ગોવાને પ્રથમ દાવમાં 358 રનમાં ઓલઆઉટ કરીને રમતના બીજા દાવમાં ગોવાની 77 રનમાં બે વિકેટ ઝડપી લીધી હતી.

---

# MORETIUS

મોરેશિયસથી આવેલ મુળ ભારતીય અને ત્યાંના મંત્રાલયમાં પ્રધાનમંત્રીના અંગત સચિવ તરીકે ફરજ બજાવતા સુરેશ રામવર્ણ અંકલેશ્વરની મુલાકાતે આવ્યા હતા. અંકલેશ્વરમાં  તેમણે સ્થાનિક આગેવાનો સાથે મુલાકાત કરી હતી.

સુરેશ રામવર્ણે ભારતના પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીની પણ ખુલ્લે હૃદયે પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે  "કોરોના સંકટ દરમિયાન ભારત જ એવો દેશ હતો જેણે મોરેશિયસને મહત્વની દવાઓ મોકલીને માનવતાનો ઉત્તમ આદર્શ સ્થાપિત કર્યો હતો."

**બાઇટ- સુરેશ રામવર્ણ, મોરેશિયસ પીએમ અંગત સચિવ**

---